





સામે પડેલા પોલીસો નડશે, એની ખબર છે!
વણઝારાનો પત્ર કનડશે, એની ખબર છે!
ચડશે છાતીએ બ્રહ્મહત્યા અને એન્કાઉંટરો -
તેથી જ ચૂંટણી સીબીઆઇ લડશે, એની ખબર છે!?




વાઢે છે નાક
આતંકી ને શરીફ
વાતોમાં રાખી..
(વાહ! સહનશક્તિ)

પુર નું તંત્ર
તણાઇ ગ્યું પાણીમાં -
ડૂબ્યા બણગા
(આબરૂ પાણી..પાણી..)

## ચિંતન

**યદા કિંચિજ્જ્ઞોઅહં દ્વિપ ઇવ મદાન્ધઃ સમભવં તદા સર્વજ્ઞો અસ્મીત્ય ભવદવ લિપ્તં મમ મનઃ ।**
**યદા કિંચિદ્ ચિત્કિંચદ્ બુધજન સકાશાદવગતં તદા મૂર્ખોઅસ્મીતિ જવર ઇવ મદો મે વ્યપગતઃ ॥**

ભતૃહરિ નીતિશતકનો આ શ્લોક છે :

'જયારે હું થોડો જાણકાર હતો ત્યારે ગાંડા હાથીની જેમ મદાંધ બની ગયો હતો; અને ત્યારે હું એવું માનવા લાગ્યો હતો કે હું જ સર્વજ્ઞ છું, અને એવું માનીને મારૂં મન મદ અને અભિમાનથી છક્કી ગયું હતું; પરંતુ જયારે મને વિદ્વાનોનો સંપર્ક-સત્સંગ સાંપડયો અને અલ્પ માત્ર જ્ઞાન મેળવ્યું ત્યારે મને સમજ પડી કે 'હું એકલો મૂર્ખ છું.' અને એ સમજ આવતાં જ મારૂં મિથ્યાભિમાન જેમ તાવ ઉતરી જાય એમ ઊતરી ગયું.'

આપણે અર્ધ ભરેલા ઘડા જેવા છીએ. અર્ધુ-થોડું ઘણું પાણી હોય છતાં ઘડાનો અવાજ મોટો હોય અને છલકાય પણ વધારે- આપણે અંતર નિરીક્ષણ કરી આપણી જાતનું સ્વ મૂલ્યાંકન કરવું જોઇએ.

ઘણીવાર માણસને કોઇ પણ વિષયનું જ્ઞાન હોતું નથી પણ પોતે સર્વજ્ઞ હોય એમ દરેક બાબત અને વિષયમાં સલાહ-સૂચન સાથે પોતાનો અભિપ્રાય પણ આપતા રહે છે.

જયારે જુદા જુદા વિષયનાં વિદ્વાનોનો સંપર્ક થાય અને વિવિધ વિષયનું થોડું ઘણું પણ જ્ઞાન મદ્રે ત્યારે આપણને સમજાય છે કે કેટલાંય ક્ષેત્રો છે જેની બાબતમાં આપણે તદ્દન અબૂધ અને નિરક્ષર છીએ ત્યારે આપણું 'જ્ઞાની' તરીકેનું અભિમાન ઓસરી જાય છે.

## સુવિચાર

- પ્રભુને સમજવા હોય તો પોતાના બધા જ પૂર્વગ્રહો અને પસંદગીઓ બાજુમાં મૂકી દેવા જોઇએ - **રાજચંદ્ર**
- જે કાંઇ સારૂ, નરસુ, ઓછું-વધતું મળ્યા કરે તેના વિશે સંતોષની લાગણી ધરાવવી, આમ કરવાથી સમતાનો ગુણ કેળવાશે - **એસ. ભટ્ટાચાર્ય**
- વિશ્વાસમાં એવી પ્રબળ અને અનન્ય શક્તિ છે કે પાણીને ઘી માં અને રેતીને ખાંડમાં ફેરવી શકે છે - **અરબી કહેવત**
- વિવેકથી સૌથી પ્રત્યક્ષ ઓળખાય સતત પ્રસન્નતા છે - **શ્રી રવિશંકર**
- સેવાથી હૃદય અને આત્મા પવિત્ર થાય છે. સેવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે અને એ જ જીવનનું લક્ષ્ય છે - **ટોલ્સ્ટોય**
- નમ્રતાનો અર્થ છે અહમ્‌ભાવનો આંત્યીક ક્ષય - **સંતરામ**
- પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ જલ્દી સ્થિર થાય છે - **માનસ સૂત્ર**

## બોધ કથા

આજકાલ તો પ્રજાના પ્રશ્નોની રજૂઆત અને પોતાના વિસ્તારના વિકાસ અને સમસ્યાઓ પાર્લામેન્ટમાં રજૂ કરવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાને મળતા લાભો તો લે છે પણ પ્રશ્નો પૂછવાના પણ પૈસા લે છે મત-ટેકા આપવા પોતાની જાતને પણ વેંચી નાખતાં એમને જરા પણ શરમ આવતી નથી.

બ્રિટનના અંધ સંસદ સભ્ય જેમને 'બેસ્ટ પાર્લામેન્ટરીયન' ઉત્તમ સંસદ સભ્યનો એવોર્ડ મળ્યો એ શ્રી હેન્રી ફોસેટનું દૃષ્ટાંત સમજવા જેવું છે :

હેન્રી નાનો હતો ત્યારથી જે સેવાભાવી અશક્ત-માંદાને મદદરૂપ થવા પ્રયત્ન કરતો. વિદ્યાર્થીઓ પડોશીઓને મદદરૂપ થતો. સમાજસેવા સાથે કંઇક અનોખું કરવાની એના મનમાં તીવ્ર ઉત્કંઠા હતી.

હેન્રી એકવાર પિતા સાથે શિકાર કરવા ગયો અને પંખી પર પિતા નિશાન તાકતા હતા ત્યાં જ એમને છીક આવી અને ગોળીનું નિશાન હેન્રી થઇ ગયો. આ ઘટનામાં હેન્રીની બંને આંખો ગઇ.

પિતાને ખૂબ જ દુઃખ થયું. સતત અપરાધભાવ અનુભવતા હતા. પણ હેન્રીએ ખૂબ આશ્વાસન આપી કહ્યું, ભાગ્યમાં જે નિશ્ચિત હોય તે જ થાય - મારો અંધાપો મારી અંદરની દુનિયા જોવાનો અધિકાર તો નહીં જ છીનવી શકે ને? એક દિવસ હું જરૂર સફળતાના શિખરે હોઇશ.

એની દીકરીનો પ્રેમ અને સહાયથી હેન્રીને હુંફ મળી એની આંગળી પકડીને લોકસેવાના કામ કરતો રહ્યો. લોકોની ચાહના અને સહાનુભૂતિ મળ્યા. પાર્લામેન્ટમાં ચૂંટાયો. ભાડાં-ભથ્થાં લીધા વિના રાષ્ટ્રની સેવા કરી અને સભ્યપદ ભોગવ્યું. 'બેસ્ટ પાર્લામેન્ટ મેમ્બર'નો એવોર્ડ મેળવ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# માણસા કૉલેજના આશ્રયે યોજાયેલું 'કાવ્યગોષ્ઠિ'નું સાહિત્યસત્ર

● **સમાચાર સેતુ**

એસ.ડી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માણસા (જિ. ગાંધીનગર) ના સહયોગમાં માણસા ખાતે જાણીતી સાહિત્ય સંસ્થા 'કાવ્યગોષ્ઠિ'નું 'સાહિત્યસત્ર' યોજાયુંહતું. સાહિત્યકાર સતીશ ડણાકના અધ્યક્ષ પદે યોજાયેલા આ 'સાહિત્યસત્ર'માં સંસ્થાને પુનઃ ચેતનવંતી બનાવવા વિશે વિચારણા થઈ હતી. આ પ્રસંગે કોલેજનાં આચાર્યા ડૉ. હાસ્યદા પંડ્યાએ પધારેલા સાહિત્યરસિકોને આવકારતાં કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. તેમને પ્રેરક વક્તવ્ય આપતાં કહ્યું કે 'કાવ્યગોષ્ઠિ' નો ઘૂઘવતો સાગર, જે મૌન થઈ ગયો હતો તેને ફરી ઘૂઘવતો કરવા, ફરી ઉદિત કરવા બધાંએ ભેગા મળી, વાર્તામેળા, સાહિત્યસત્રો, કાવ્યસત્રો ફરીથી થાય એવા પ્રયત્નો કરવા છે. 'કાવ્ય-ગોષ્ઠિ'ના સંયોજક ચંદુ મહેસાણવીએ 'કાવ્યગોષ્ઠિ'ની વ્યાખ્યાનો, લોકાર્પણ સમારોહ અને સાહિત્ય સત્રો વિશે વિગતવાર જણાવ્યુંહતું.

અતિશિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા અને સંસ્થાના આરંભથી જ એની પ્રવૃત્તિઓના મોભી અને સરસપુર આર્ટ્સ અને કોમર્સ કૉલેજનાં નિવૃત્ત આચાર્ય ડૉ. વી.સી.પરીખે કહ્યું કે સાહિત્યની સેવા દરેક ગુજરાતીએ કરવી જ જોઈએ. સત્રાધ્યક્ષ સતીશ ડણાકે જણાવ્યું હતું કે 'કાવ્ય ગોષ્ઠિ'નો સિદ્ધાંત ગ્રુપ નહીં પણ ગોષ્ઠિ છે. નવોદિતોને પ્રોત્સાહન આપવા, વિવિધ સાહિત્યપ્રવૃત્તિઓનું આયોજન કરવા અને સ્થળાક ડૉ. મફત ઓઝાના સ્વપ્નને સાકાર કરવાના પ્રયત્નો કરવાના છે. ડૉ. પૂર્વી ઓઝાએ સંસ્થામાં સંજીવની મંત્રી ફૂક્યો છે એ જયોતને પ્રજ્જવલિત રાખવાની છે. ઉદ્‌ઘાટન બેઠકનું સંસ્થાના ગુજરાતી વિભાગના પ્રા. અશ્વિન સોનીએ કર્યું હતું.

બીજી બેઠકમાં ડૉ. પૂર્વી ઓઝાના સંચાલનમાં ડૉ. મફત ઓઝાને શબ્દાંજલિ આપવામાં આવી હતી. રંગમંચના કલાકારો ભૌમિક ત્રિવેદી અને દેવમણિ આનંદ દ્વારા ડૉ. મફત ઓઝા લિખિત દ્વિઅંકી નાટક 'મુખ્યમંત્રીનો માણસ' ના અંશોનું પઠન કરવામાં આવ્યું હતું અને કાવ્યોનું પઠન કરવામાં આવ્યું હતું અને કાવ્યોનું પઠન કરવામાં આવ્યું હતું.

પ્રા. ઉદર ગોરના સંચાલનમાં મળેલી ત્રીજી બેઠકમાં જાણીતા ગઝલકાર ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીને' 'હું અને મારી ગઝલયાત્રા' માં પોતાની ગઝલકાર તરીકેની કેફિયત વર્ણવતા પોતાની સર્જનક્રિયાને કૂવો ખોદીને પાણી કાઢવાની પ્રક્રિયા સાથે સરખાવી હતી. ગઝલકાર અશોક ચાવડાએ ઉર્દૂ ગઝળના સંદર્ભમાં 'ગઝલમાં આમ આદમી' વિશે કહ્યું હતું. ચાવડાએ ગાલિબ, બશીર બદ્ર, જાંનિસાર અખ્તર, શમ્સ કુરેશી, ખલીલ ધનતેજવી અને દુષ્યન્ત કુમારની ઉર્દૂ ગઝલોમાંથી દૃષ્ટાંતો આપી પોતાની વાત સ્પષ્ટ કરી હતી.

ડૉ. કુમાર જૈમિની શાસ્ત્રીના સંચાલનમાં યોજાયેલી ચોથી બેઠકમાં 'પ્રશિષ્ઠ સાહિત્યઃ વિભાવના અને મહત્ત્વની કૃતિઓ' વિશે જાણીતા નાટ્યકાર અને વિવેચક ડૉ. સતીશ વ્યાસે પ્રશિષ્ઠ સાહિત્યને શાશ્વત સાહિત્ય ગણાવી પ્રાચીન યુગથી આજ સુધી રચાયેલી ગ્રીક, અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી કૃતિઓની પ્રશિષ્ટતાની ચર્ચા કરી હતી. ડૉ. મૃદુલા પારિકે 'તુલનાત્મક સાહિત્યમાં અનુવાદનું મહત્ત્વ અને સમસ્યાઓ' વિશે બોલતાં કહ્યું કે એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ કરવા જતા મૂળ કૃતિમાં રહેલી વિશેષતા કે કાકૂઓનો અનુવાદ કેવી રીતે કરવો તેની સમસ્યા નડે છે. તેમણે પોતે ગુજરાતીમાંથી હિન્દીમાં અને હિન્દીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરતી વખતે તેમને પડેલી મુશ્કેલીઓ અને તેના નિવારણ વિશે ચર્ચા કરી હતી.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

ભોજન ભાદ મળેલી પાંચમી બેઠકમાં ડૉ. ભરત સોલંકીએ 'ટૂંકી વાર્તાનું સ્વરૂપ અને અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તા' વિશે આપેલા વક્તવ્યમાં કહ્યું કે ગુજરાતી ટૂંકીવાર્તામા સમયે સમયે પરિવર્તનો આવતાં રહ્યાં છે. એ પરિવર્તનોમાં આ સમયે સમયે પરિવર્તનો આવતાં રહ્યાં છે. એ પરિવર્તનોમાં તેનો વિકાસ જોઈ શકાય છે. તેમણે ગુજરાતી ટૂંકીવાર્તાનાં આરંભકાળથી આજ સુધીના મહત્વનાં વાર્તાકારોની વાર્તાઓની વિશેષતાઓ દર્શાવી હતી. અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તા વિશે બોલતાં તેમણે કહ્યું કે આધુનિકતા અને પ્રયોગશીલતા પછી વારતામાં સ્થિરતા આપી અને એમાંથી દલિત ચેતના અને નારીચેતનાનો પ્રાદુર્ભાવ થયો છે. આ પછી 'લલિત નિબંધનાં મહત્ત્વનાં સ્થિત્યંતરો' વિશે બોલતાં. ડૉ. યશોધર રાવલે જણાવ્યું કે લલિત નિબંધ એ સર્જક અને ભાવક વચ્ચેની ગોષ્ઠિ છે. તેમણે ગુજરાતી ભાષાના મુખ્ય લલિત નિબંધકારોના નિબંધોની લાક્ષણિકતાઓ અને તેમાં રહેલા સૌંદર્યતત્ત્વની વાત કરી હતી.

સત્રાધ્યક્ષ સતીશ ડણાકે સમાપન કરતાં કહ્યું કે આવાં સત્રો દ્વારા શબ્દની નીકટ જવાનો અને તેને પામવાનો માર્ગ ખૂલતો હોય છે. તેમણે પ્રિશષ્ટ કૃતિઓના પઠન અને મનન પર ભાર મૂક્યો હતો. તો તુલનાત્મક સાહિત્યમાં અનુવાદો કેવી કેવી રીતે થઈ શકે છે તે દર્શાવ્યું હતું. ગુજરાતી વાર્તામાં સમયાંતરે આવેલાં પરિવર્તનો જેવું જ પરિવર્તનનું મોજું અનુઆધુનિક ગુજરાતી વાર્તામાં જોવા મળે છે એ તેની ગતિશીલતાની પ્રતીતિ કરાવે છે. લલિત નિબંધને તેમણે વિસ્મયની લીલા ગણાવતાં ડૉ. રાવલના વકતવ્યના મુદ્દાઓમાં પૂર્તતા કરી હતી.

સંસ્થાના મંત્રી પ્રવીણ ગઢવીએ પ્રતિભાવમાં આજના વકતવ્યો ફળપ્રદ હોવાનું જણાવી આનંદ વ્યક્ત કર્યો હતો. અંતે હરીશ વટાવવાળો એ આભાર વિધિ કર્યા પછી ચંદુ મેહસાણવીના સંચાલનમાં યોજાયેલ કવિ સંમેન્લનમાં ડૉ. કુમાર, જેમીની શાસ્ત્રી, પ્રવીણ ગઢવી, નટવર હેડાઉ, પૂર્વી ઓઝા, હાસ્યદા પંડ્યા, રશીદ મુનશી અને અશોક ચાવડા સહિત ૧૫ કવિઓએ સ્વરચિત કાવ્યો, ગીતો અને ગઝલોનું પઠન કર્યું હતું.

● **કાવ્ય સેતુ : સાઇકલ સુખને (શિખરિણી - સૉનેટ)**

ફરે પૈડા વેગે સફર કરતાં બાજ નજરે,
ગલી ગામે દોડે નગર વગડે જાત ખરચી;
ચરે ઢેફાં ધૂળે સડક સફરે ડામર જમે,
જડે ભાજી પાલો રહનસહને પેટ ભરતી... (૪)
વહે બોજો ભારે કરિયર કસે મોજ કરતી,
પડે કૂદે ચાલે હરદમ વધે હોંશ હરખે;
સહે પીડા પોતે નરમ ગરમે મૌન ધરતી,
વિના ઠેકે દોડે પવન ડગલે વાટ વગડે... (૮)
રહે ઊભી છાંયે તરસ તલપે ધોમધમતાં,
રમે સૌની સાથે હલન ચલને ગેલ કરતી;
ભળે ભોળા ભાવે ધરપત ધરે, સારસ વધે,
મળે સેવા તાતી સવલત સડે ટાઢ તડકે... (૧૨)
તપે અંગો મારા શિશિર ઋતુએ પોરસ ચડે,
રહે મોડે સાથી સગવડ સડે સાચ સુખને...(૧૪)

- **બાબુલાલ એમ. વણઝારા**

**દીવડા**

સત્યના સૂર્યે સોંપ્યો છે
અમ દીવડાઓને
અંધકારમાં પ્રકાશનો ભાર
અમે આવે ગમે તેટલાં વાવાઝોડા
અમને તમારા
પરમ કૃપાળુ પરમાત્મા કે
નીતિધર્મ સામે કોઈ વેર-વિરોધ નથી.
અમને વેર છે.
ઈશ્વરના એજન્ટો સામે, પ.પૂ.ધ.ધૂ. સામે,
બાવાઓ સામે, ગુરૂઓ સામે, તાંત્રિકો સામે,
ધર્મના નામે ઠગતા ઠગો ધુતારાઓ સામે,
ધતીંગો સામે, ભુવાઓ સામે, ભૂતપ્રેમ સામે;
અમને વિરોધ છે
ક્રિયાકાંડો સામે, યજ્ઞો સામે , અંધશ્રદ્ધા સામે
અનને વિરોધ છે
યુદ્ધો સામે, નાત-જાતના વાડા સામે,
છૂતાછત સામે
અમને વિરોધ છે
ધર્મની કત્લેઆમો સામે,
ભૂખમરા અને દરિદ્રતા સામે,
અમારે વાવવાં છે વિશ્વમાં
શાંતિ અને સમાનતાનાં વૃક્ષ.
અમારે રચવું છે આનંદલોક
આજ સુંદર ધરા પર.
જયાં હોય સર્વ સુખી સમાનને બૌદ્ધિક.
આ અંધકાર દૂર થશે જ.
સત્યના સૂર્યે ઉગવાનું આપ્યું છે વચન.
તેનો ઉદય ન થાય.
ત્યાં લગી
અમે દીવડાઓ ઝગતા જ રહીશું
હજ્જારોની સંખ્યમાં
કદી ઓલવાઈશું નહીં

- **પ્રવીણ ગઢવી**

● **રેશનાલિસ્ટ કર્મશીલ નરેન્દ્ર દાભોલકરને સ્મરણાંજલિ**

# ત્સુનામી એ જાપાની ભાષાનો શબ્દ છે, ત્સુ એટલે કે બંદર અને નામીનો અર્થ છે તેજ હવાઓ, ત્સુનામીના તોફાની પવન દરિયા કિનારાની ખાનાખરાબી કરી નાંખે છે

પોર્ટ બ્લેરની અબર્ડીન જેટ્ટીની નજીકમાં આવેલ રાજીવ ગાંધી વોટર સ્પોર્ટ્સ પરિસરમાં ફરતાં ફરતાં અમે સૌ સુનામી સ્મારકની સામે આવીને ઉભા રહ્યાં ત્યારે આકાશમાં કાળા વાદળો ઘેરાઇ આવ્યા હતા. દરિયામાં ભરતી આવેલ હોઇ મોજા ઉછળતાં હતાં. તેનો ઘુઘવાટ બિહામણો લાગતો હતો. સૂસવાટા દેતો પવન દૂર દૂર દેખાતાં નારીયેળનાં વૃક્ષોને વીંઝતો હતો. અમે સૌ શક્તિની રાહ જોતાં ઊભા હતા ત્યાં એ સામેથી આવતાં દેખાયો.

અરે! શક્તિ ભૈયા તમે કયાં ગયેલા. અમે તો કયારના તમારી રાહ જોઇએ છીએ. મીનાએ કહ્યું!

હા..હા.. સાચી વાત છે. જૂઓને દરિયો પણ કેવો તોફાની બન્યો છે. પવનના ઝપાટામા મારી તો ટોપી પણ ઉડી ગઇ, ઉપેન્દ્રભાઇએ કહ્યુ.

શક્તિ અહીં તારા વિના અંધારૂં હોય એવી સ્થિતિ છે. ઠીક છે તું હવે આવી ગયો એટલે ભયો ભયો... મેં કહ્યું.

સર, હું જરા વ્યવસ્થાના કામમાં પડી ગયેલો.

તે બધી વ્યવસ્થા થઇ ગઇ કે નહીં?

થઇ ગઇ હવે કંઇ ચિંતા નથી, સાંજે આપણે શહિદ વેટી જોવા જવાનું છે.

અરે ભઇલા, તું જલદી ન આવ્યો હોત તો તારી રાહ જોઇ જોઇએ અહીં અમારામાંથી કેટલાક શહિદ થઇ જાત. સવારના ચ્હા નાસ્તો કરીને નીકળ્યાં છીએ. લંચનું કંઇ ઠેકાણું પડ્યું કે નહીં.

હું એ જ વ્યવસ્થા કરવા ગયો હતો. હમણાં આવી જશે. ત્યાં સુધી હું તમને આ ત્સુનામી સ્મારકની થોડી વાત કરૂં છું.




અમે ત્સુનામીનાં ભયંકર દૃશ્યો ટી.વી. પર જોયેલા ત્યારે અંકલ તમે કયાં હતા. તમે ત્સુનામીનું તોફાન જોયેલુ - નાનકડી રીયાએ પુછ્યું.

હાં, મેં ત્સુનામી ફક્ત જોયેલું નહીં અનુભવેલું અને તેની મહા વિભિષિકામાંથી હું પસાર થયેલો છું. એ દિવસ તો હું કયારેય ભુલી નહીં શકું. આ સ્મારકને જયારે જયારે જોઉ છું. ત્યારે મને એ આતંક ભર્યુ તાંડવનું એક એક દૃશ્ય નજર સમક્ષ આવી જાય છે. મારા રૂંવાડાં ઊભા થઇ જાય છે અને હું ધ્રુજી ઊઠું છું.

તે ત્સુનામીમાં શું થાય?

ત્સુનામી એ જાપાની ભાષાનો શબ્દ છે. ત્સુ એટલે કે બંદર અને નામીનો અર્થ છે તે જ હવાઓ. ત્સુનામી ના તોફાની પવન દરિયા કિનારાની ખાનાખરાબી કરી નાંખે છે. ત્સુનામી થાનું મુખ્ય કારણ સમુદ્રમાં થતો ભૂકંપ છે. સમુદ્રના તળિયે ભારે હલચલ થવાને કારણે બહુ મોટા પ્રમાણમાં ઉર્જા ઉત્પન્ન થાય છે. અને તે ઉર્જા ઉપરની તરફ ઝડપભેર આગળ વધે છે. જેના કારણે સમુદ્રના કિનારે અને સમુદ્રમાં ફરતાં વહાણોને બહુ વધારે અસર પહોંચે છે. સમુદ્રના મોજા પાણીની એક મોટી દિવાલનું રૂપ ધારણ કરે છે. તેની ઊંચાઇ ૩૦ મીટર જેટલી અને ઝડપ ૨૦૦ થી ૭૦૦ કિ.મી. દર કલાકે હોય તેટલી જોવા મળે છે. ત્સુનામી પછી ભૂકંપના ઝટકાઓ પણ ઘણાં દિવસો સુધી આવતા હોય છે. એ બધું અહિંના આંદામાન અને નિકોબારના રહેવાસીઓએ સહન કરવું પડ્યું છે. રાતની ઊંઘ પણ હરામ થઇ ગયેલી - કહેતા શક્તિ સહેજ અટક્યો.

અંકલ, જયારે આ ત્સુનામીનું તોફાન આવ્યું ત્યારે તમે કયાં હતા? શું કરતાં હતા - રીયાએ પૂછ્યું.

ગ્રેટ નિકોબાર અને લિટલ આંદામાન વિસ્તારમાં આ ત્સુનામીનું તાંડવ ૨૬મી ડિસેમ્બરે સવારે ૬ વાગીને દસ મિનિટે શરૂ થયું. તે વખતે અમે સૌ ઘરમાં સૂતા હતા. અચાનક ભયંકર પવનને કારણે ઘરના છાપરા ઉડી ગયા. તોફાની પવનને કારણે વીજળી ગુલ થઇ ગયેલી. વીજળીના થાંભલાઓને પડતા અને નાળિયેરીનાં વૃક્ષોને આમતેમ ફંગોળાતા જોઇને હું તો એકદમ ડરી ગયેલો. તે પછી સતત કાળી આંધી અને પાણીનું તોફાન એવું આવ્યું કે સમુદ્ર કિનારાના જનજીવનને નેસ્તનાબૂદ કરી દીધું. પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો જીવ બચાવવા પાગલની જેમ ભાગીને ઊંચાણળાળા વિસ્તાર તરફ જવા લાગ્યાં. હજારો પ્રાણીઓ જયાં હતા ત્યાં જ પોતાનો જીવ ખોઇ બેઠાં. દરિયા કિનારે વસેલ લોકોનાં મકાનો તમાઇ ગયાં. જાન અને માલનું એટલું નુકશાન થયેલું કે તે શબ્દમાં વર્ણવવું મુશ્કેલ છે. નારિયેલ, સોપારી અને મરી મસાલાના બગીચાઓ નાશ પામ્યા. વહાણ નાંગરવા માટેની જેટ્ટીઓ તૂટી ગઇ. બગીચાઓ નાશ પામ્યા. પાણી જ પાણી દેખાયું હતું. એ દૃશ્યને યાદ કરતાં આજે પણ હૃદયમાં ધ્રાસ્કો પડી જાય છે.

એ વખતે ભૂકંપ કેવો હતો?

સર, ભૂકંપની તીવ્રતા તે સમયે ૮.૯ ની રેકોર્ડ થયેલી. આ ત્સુનામીની શરૂઆત ઇન્ડોનેશિયા દેશના સૂમાત્રા ટાપુના દરિયાથી થઇ. આ વિનાશકારી ત્સુનામીએ સુમાત્રા, શ્રીલંકા, થાઇલેન્ડ અને ભારતનાં તામિલનાડુ તથા આંદામાન અને નિકોબાર ને બહુ ભયંકર અસર પહોંચાડી. ૨૧મી સદીનું પહેલું કિરણ જેના પર પડેલું એવો 'કચ્છાલ દ્વિપ' સુનામીની ભેટ ચડી ગયો. સેંકડો સરકારી કર્મચારી અને સ્થાનિક લોકોએ પોતાનું સર્વસ્વ ગુમાવવું પડ્યું. મારા શિક્ષક રાજેન્દ્રનને હું ખોઇ બેઠો. તે ઉપરાંત મારા મોટાભાઇના મિત્ર એવા એક પોલીસ અધિકારી સંજીવકુમાર જે કચ્છાલ ખાતે સર્વિસ કરતા હતા. તે પોતાના જીવની પરવા કર્યા વિના એક સ્ત્રીને બચાવવા સમુદ્રમાં કુદી પડ્યા. તે સ્ત્રી તો બચી ગઇ પણ એ પોતે ત્સુનામીના તોફાનમાં બચી ન શક્યા. ભારત સરકાર તરફથી તેમને તે સમયનાં રાષ્ટ્રપતિ મહામહિમ અબ્દુલ કલામ દ્વારા મરણોપરાંત 'કિર્તીચક્ર'થી સન્માનિત કરાયેલાં - કહેતાં શક્તિ જરા અટક્યો. તેની આંખોમાં આંસુ ઊભરાઇ આવ્યાં હતા. તે લૂંછ્યા અને પછી પોતાની વાત આગળ વધારી.

પોર્ટ બ્લેર અને તેની આસપાસના વિસ્તારમાં સવારનાં સાડા છ વાગ્યાથી શરૂ થયેલી ત્સુનામીના તોફાનો ત્રણ વખત તેનું વિકરાટ સ્વરૂપ બતાવેલું. જેના કારણે પાણીઘાટ, બમ્બુફ્લેટ, ફરારગંજ, સીપી ઘાટ, છોલદારી અને પોટમોર વિસ્તાર પર તેની અસર પડી. પોર્ટ બ્લેરના જંગલી ઘાટ ને ખુબ નુકશાન થયેલું. પણ જાનમાલની હાની બહુ ઓછી થઇ હતી. રોસ દ્વિપે દિવાલની માફક ત્સુનામીને રોકવાનો પ્રયાસ કરેલો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જયારે જયારે સ્ત્રીઓએ પુરૂષોના અધિકાર સામે માથુ ઉંચક્યુ છે, ત્યારે પુરૂષોનો અહમ્ ઘવાયો છે...

સવારે વહેલા અંબાજી જતી બસની રાહ જોતું એક યુગલ બસ સ્ટેન્ડે વાતવાતમાં ઝઘડી પડ્યું. ઘરકામની બાબતે કે સવારે વહેલા ઉઠવાની બાબતે પતિ એની પત્નીને ધમકાવતો હતો. મેં તને કેટલી વાર કહ્યું કે ઓફિસ જતાં પહેલાં ઘરનું બધું કામ પતાવી દેવાની ટેવ રાખ. સવારે વહેલા ઉઠતાં તને શું થાય છે? પણ ના... સ્ત્રીની બુદ્ધિ જ પગની પાનીએ હોય... અને આ ચડસા ચડસીમાં જ બસ આવી. સ્ત્રી એક થેલો બગલમાં ભરાવીને દોડી, ત્યાં જ પતિએ બૂમ પાડી. આ વોટર બેગ તો લેતી જા... આ બધુ મારે ધ્યાનમાં રાખવાનું? જરાય ભાન જ નથી... સ્ત્રીની બુદ્ધિ જ પગની પાનીએ હોય... કોણ જાણે એ ભાઇને એવી ટેવ કે વાતવાતમાં આ એક જ વાક્ય ઉચ્ચારે 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ...' કોઇ પણ ત્રાહિત વ્યક્તિને પણ આ યુગલનો સંવાદ પુરૂષ પર ગુસ્સો આવે પણ પેલી સ્ત્રી જરાય ગુસ્સે થયા વિના જવાબ આપતી... કદાચ તેને માટે આ રોજનું હોય... કયાંક કયાંક બનતા આવા પ્રસંગો જોઇ પ્રશ્ન થાય કે આપણે ગમે તેટલા પ્રગતિના દાવા કરીએ પણ પુરૂષોની માનસિકતા હજુ બદલાઇ નથી. કદાચ એવું પણ હોય કે "ઢોર ગમાર શુદ્ર પશુ નારી..." ની માનિસકતામાંથી હજુ આપણે બહાર આવ્યા નથી કાં તો. તુલસીદાસજીના મર્મને આપણે સમજી શક્યા નથી. પણ પુરૂષોની એવી માનસિકતા તો ખરી જ કે અમે ન હોઇએ તો ઘર ચાલે નહિ. સ્ત્રીઓમાં ઘર નીભાવવાની શક્તિ નહીં. જીંદગીભર આ વહેમમાંથી પુરૂષ બહાર આવી શકતો નથી.

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

ડો. સેમ્યુલ જોન્સને લખ્યું છે કે 'લગ્ન એટલે બીજી વ્યક્તિનો સંપૂર્ણ સ્વીકાર, એની સારાઇ અને નબળાઇનો સંપૂર્ણ સ્વીકાર. પણ આ સ્ટેજ પર આવતાં આપણને હજી વર્ષો લાગશે કારણ કે લગ્ન કરવા માટે છૂટા પડવા માટે લોકો લાખો રૂપિયા વાપરી નાખે છે પણ લગ્નજીવન ટકાવવા માટેનાં સસ્તા પુસ્તકો બજારમાંથી લાવી વાંચશે નહિં. કોઇ કહે કે ચોપડીઓ વાંચીને લગ્નજીવન થોડું જીવાય? પણ વાચન સમૃદ્ધ માનવી કયારેય મુંઝવણમાં અટવાતો નથી. દરેક પ્રકારની સમસ્યાના ઉકેલ માટે વિદ્વાનોના અભિપ્રાય, પુસ્તકો દ્વારા મળી જ રહે છે. હકીકતમાં જાહેરમાં નારીના ગૌરવનું સન્માન થાય છે પણ વાસ્તવિકતા કંઇક જુદી જ છે. એક જ છત્ર નીચે એકબીજા સાથે રહેતા પતિ-પત્નીને એકબીજાને ઓળખતાં સમય લાગે છે અને જયારે એકબીજાને ઓળખી જાય છે પછી ભેગા રહી શકતા નથી. જયારે જયારે સ્ત્રીઓએ પુરૂષના અધિકાર સામે માથું ઊંચક્યું છે ત્યારે પુરૂષોનો અહમ્ ઘવાયો છે અને પુરૂષોનું આધિપત્ય સ્ત્રીઓમાં વિદ્રોહની ભાવના જગાડે છે. એ ભલે સહન કરતી જાય પણ વિસંવાદિતા વધતી જાય છે અને સહનશીલતા પરાકાષ્ઠા વટાવે ત્યારે સામસામે તીર ખેંચાય છે. એમાં બંને ઘાયલ થાય છે. દામ્પત્ય જીવન ટકાવવા પુરૂષોએ પોતાની માનિસકતા બદલવી જ રહી. અનેક પ્રકારની બાંધછોડ માટે તેણે તૈયારી રાખવી જ પડે પણ એમાં જો પુરૂષોને નાનમ લાગે તો પરિસ્થિતિ ત્યાં ને ત્યાં જ રહેશે. કારણ કે સતી પ્રથા તો વર્ષો પહેલાં નાબૂદ થઇ ગઇ છે.'

પ્રાચીન કાળથી પુરૂષોએ સ્ત્રીને પોતાના અંકુશમાં રાખવા પ્રયત્નો કર્યા છે. સ્ત્રીઓની કોઇ ઠપકા ભરી સલાહથી પણ તેનું સ્વાભિમાન ઘવાય છે. પોતાનો અહમ્ સંતોષવા તે સ્ત્રી પર અત્યાચાર કરે છે અને ગમે તેટલા કડક કાયદા કરવામાં આવે છતાં ઘરેલું હિંસાના બનાવોમાં ઉત્તરોઉત્તર વધારો થયા જ કરે છે આપણુ આખુ જીવન સંઘર્ષમય હોય છે, જીવનમાં ડગલેને પગલે સંઘર્ષ કરવો પડે છે છતાં અંગત જીવનમાં પરસ્પર સંઘર્ષ કરવાનું પતિ-પત્ની ચુકતા નથી. પરસ્પર એક બીજા વગર રહી ન શકતા દંપતીએ કોણ જાણે શું થઇ જાય છે કે પછી બંને એકબીજા સાથે રહી શકતા નથી. આમાં અહમ્ ના ટકરાવ સિવાય બાજુ કારણ ભાગ્યે જ જોવા મળે છે.

લગ્ન એક સામાજિક કરાર છે પણ જાણે લોકોને તેમાં વિશ્વાસ રહ્યો નથી. સપ્તપદીના સાત ફેરાની વચનબદ્ધતા હવે લોકોને બકવાસ લાગે છે. લગ્ન કંકોત્રીમાં હસ્તમેળાપનો પરફેક્ટ સમય ૧૨.૩૯ લખ્યો હોય પણ આ મુર્હુત કયાંક જળવાતા નથી. બ્રાહ્મણ ગમે તેટલી ઉતાવળ કરે પણ સમહય વહી જાય છે અને મુર્હુત વગર થયેલા હસ્તમેળાપ કયારે છુટા પડી જાય તે કહેવાય નહિ. આજના લગ્નોમાં સમતોલપણુ નથી જળવાતું કારણ કે સમર્પણનો ભાવ રહ્યો નથી. લગ્ન જાણે એટલા માટે કરાય છે કે આવું કરવાનો રિવાજ છે. ઉંમર વધતાં સમાજમાં આબરૂ જાય છે. લગ્ન કરવાની તીવ્ર આવશ્યકતા ન જણાય ત્યાં સુધી લગ્ન અંગેનો વિચાર કરવો કેટલો સલામત ગણાય? અમુક ઉંમર પછી સામાજિક પરિપક્વતા ન આવી હોય છતાં લગ્ન કરી નખાય છે એમાં જવાબદારી પુરી કરી આત્મસંતોષ મેળવવાનો એક માત્ર આશય હોય છે. જીવતેજીવ બધા પ્રસંગો પુરા થઇ જાય એવી વડીલોની ઘેલછા હોય છે. વર્તમાન સમયમાં ભલે વિજ્ઞાન વિકસ્યુ પણ આપણી માનસિકતા હજુ વિકસી નથી. પુરૂષોનું સ્ત્રી પર આધિપત્ય હજુ બરકરાર છે. મોટા ભાગની સ્ત્રીઓ સમાધાન કરીને કે બાંધછોડ કરીને લગ્નજીવન ટકાવવા હવાતિયા મારતી હોય છે. મુક્તમને પોતાનો વિચાર વ્યક્ત કરવાની મોકળાશ એને કયારેય મળતી નથી ન તો બચપણમાં, ન યુવાનોમાં કે ન ઘડપણમાં તેને ગળથુથીમાંથી જ સહનશીલતાનો ડોઝ પીવડાવાય છે. આખી જિંદગી અન્યની સગવડો સાચવવા તે પોતાનું સુખ જતુ કરે છે પણ તેને અગવડો પડે ત્યારે તેની સામે જોવાની કોઇને ફુરસદ હોતી નથી. આ બધુ કરવા છતાં પુરૂષો તો એમ જ માને છે કે આ તો સ્ત્રીની ફરજ છે.

કેમ થાય છે આવું? યશ ચોપડાની ફિલ્મ 'સિલસિલા'માં જયા ભાદુરી કહે છે કે "ઇસ દેશમેં પતિ પ્રેમી નહિ હોતા" જો દાંપત્યજીવન સુખી રાખવું હોય તો દંપતિએ પતિ-પત્ની બનવાને બદલે કાયમ માટે પ્રેમી-પ્રેમીકા જ બની રહેવું જોઇએ.